# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા “વર્લ્ડ ફૂડ ડે”ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ દ્વારા તા.૧૬.૧૦.૨૦૧૮ ના રોજ “વર્લ્ડ ફૂડ ડે” ની ઉજવણી કરવામાં આવેલ જેમાં અલગ અલગ ગામના ૪૨ મહિલા ખેડૂતોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતી અમીતાબેન પરમાર દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ વિશ્વભરમાં સરકાર દ્વારા વિશ્વવ્યાપી લોકો માટે પુરતો ખોરાક ઉપલબ્ધ છે તેની ખાતરી કરવા અસરકારક કૃષિ અને ખાદ્ય નીતિઓ માટે નિર્ણાયક જરૂરિયાતની જાગરૂકતામાં વધારો કરવા બાબતે ચર્ચા કરી. તદુપરાંત લોકોમાં વિટામીન અને ક્ષારોની ઉણપથી ઘણા રોગો થાય છે, જેના નિવારણ માટે ફળ, શાકભાજી અને તેમાંથી બનતી મૂલ્ય વર્ધિત બનાવટોનું પ્રમાણ આહારમાં વધારવા તથા પ્લાસ્ટીકના ઉપયોગ પર પ્રતિબંધ કરવા સૂચન કર્યું. ડૉ. આર.એમ.પટેલ , વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) અનાજ સંગ્રહ કરવાની રીતો વિષે માહિતી આપી જેમાં તેઓએ અનાજ સંગ્રહ કરવા માટે સૌ પ્રથમ અનાજને બરાબર સાફ કરી સૂર્યપ્રકાશની ગરમીમાં ખુલ્લી જગ્યામાં બરાબર તપાવવા જોઈએ ત્યારબાદ અનાજને ઠંડી જગ્યામાં થોડોક સમય રાખ્યા બાદ હવાચુસ્ત હોય તેવા પીપમાં સંગ્રહ કરવાથી જીવાતોના ઉપદ્રવને ઓછા ખર્ચે નિયંત્રણમાં રાખી શકાય તે બાબતે માહિતી આપી. ડૉ. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ કઠોળનો ખોરાકમાં વધુમાં વધુ ઉપયોગ કરવા જણાવ્યુ. ત્યારબાદ શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) એ જંકફૂડ તથા ફાસ્ટ ફૂડનો આહારમાં નહિવત કરી સ્વચ્છ તેમજ પૌષ્ટિક ખોરાક લેવા બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી.

અંતે શ્રીમતી અમીતાબેન પરમાર દ્વારા સર્વે બહેનોને ઔષધિય પાક કૌતુકાલય તેમજ નર્સરીની મુલાકાત કરાવેલ. જેમાં કીચન ગાર્ડન બનાવી ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અમીતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ













